# ગુજરાતની વિશિષ્ટ પ્રતિભાઓ

-----ગુજરાતના વિવિધ ક્ષેત્રે જેમનું મહત્વનું યોગદાન, જેઓનો અમુલ્ય ફાળો છે તેઓની યાદી નીચે મુજબ છે.

| **નામ** | **ક્ષેત્ર** | **વિશેષ નોંધ** |
|---|---|---|
| અખો | કાવ્ય | ગુજરાતનો જ્ઞાની કવિ |
| અઝીઝ અહમદી | કાયદો અને ન્યાય | સર્વોચ્ચ અદાલતના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ |
| અનસૂયાબહેન સારાભાઇ | શ્રમ અને સંગઠન | મજૂરસંગઠનનાંઅગ્રણી |
| અમૃત કેશવ નાયક | નાટયકલા | વિખ્યાત અભિનેતા |
| અમૃતલાલ ત્રિવેદી | સ્થાપત્ય | જાણીતા સ્થપતિ (સોમપુરા) |
| અમૃતલાલ શેઠ | પત્રકારત્વ | રાષ્ટ્રવાદી પત્રકાર |
| અમૃતલાલ હરગોવનદાસ | વેપાર | ગુજરાતના વિખ્યાત મહાજન |
| અરવિંદ મફતલાલ | ઉદ્યોગ | સેવાભાવી ઉદ્યોગપતિ |
| અરવિંદ ત્રિવેદી | ચલચિત્ર | અભિનેતા |
| અસાઇત | લોકનાટય | ભવાઇના સ્થાપક |
| અંબાલાલ સારાભાઇ | ઉદ્યોગ | બાહોશ ઉદ્યોગપતિ |
| અંબુભાઇ પુરાણી | આધ્યાત્મ | શ્રી અરવિંદના આધ્યાત્મકમાર્ગના અગ્રણી |
| આઇ. જી. પટેલ | અર્થકારણ | અગ્રણી અર્થશાસ્ત્રી અને લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિકસના પૂર્વ નિયામક |
| આદિત્યરામ?વ્યાસ | શાસ્ત્રીય સંગીત | વિખ્યાત મૃદંગવાદક અને ગાયક |
| આનંદશંકર ધ્રુવ | સાહિત્ય અને શિક્ષણ | સમન્વયદર્શી સાહિત્યકાર અને બનારસ હિંદુ યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ |
| ઇચ્છારામ દેસાઇ | પત્રકારત્વ | ‘ગુજરાતી’ સાપ્તાહિકના સ્થાપક |
| ઇન્દુલાલ યાજ્ઞિક | રાજકારણ | લોકનેતા |
| ઇરફાન પઠાણ | રમતગમત | ભારતીય ક્રિકેટ ટીમના ફાસ્ટ બોલર |
| ઉપેન્દ્ર દેસાઇ | વિજ્ઞાન | અવકાશવિજ્ઞાની |
| ઉપેન્દ્ર ડી.દેસાઇ | વિજ્ઞાન | અમેરીકામાં‘નાસા’ ના વિજ્ઞાની |
| ઉમાશંકર જોષી | સાહિત્ય અને સંસ્કૃતિ | કવિ, જ્ઞાનપીઠ પુરસ્કારવિજેતા |
| એમ. એમ. પટેલ | શાસન | દ્રષ્ટિમંત વહીવટદાર |
| ડો. એચ. એલ. ત્રિવેદી | તબીબી વિજ્ઞાન | કિડનીના રોગોના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત |
| એમ. એલ. દાંતવાલા | અર્થકારણ | ગાંધીવાદી અર્થશાસ્ત્રી |
| એમ. સી. ચાગલા | કાયદો | અગ્રણી ન્યાયવિદ |
| કનુ દેસાઇ | ચિત્રકલા | વિખ્યાત ચિત્રકાર |
| કનૈયાલાલ મુનશી | સાહિત્ય અને રાજકારણ | ભારતીય વિદ્યા ભવનના સ્થાપક |
| ‘કલાપી’ | સાહિત્ય | રાજવી કવિ |
| કસ્તૂરબા ગાંધી | સમાજસેવા | ગાંધીજીના સહધર્મચારિણી |

www.marugujarat.in

| | | |
|---|---|---|
| કંચનલાલ મામાવાળા | સંગીત | સંગીતના વિવેચક |
| ‘કાન્ત’ (મણિશંકર ભટ્ટ) | સાહિત્ય | કવિ |
| કાર્લ ખંડાલાવાલા | કલા,કાયદો અને ન્યાય | કલામીમાંસક, ન્યાયવિદ |
| કિશોરલાલ મશરૂવાળા | તત્વજ્ઞાન | ગાંધીદર્શનના ભાષ્યકાર |
| કેખુશબો કાબરાજી | નાટયકલા | ગુજરાતી નાટક મંડળીના સ્થાપક |
| કે.ટી. શાહ | અર્થકારણ | આર્થિક આયોજનના નિષ્ણાત |
| કેતન મહેતા | ચલચિત્ર | ગોલ્ડન પીકોક અવોર્ડ વિજેતા |
| કે.લાલ | જાદુકલા | વિશ્ર્વવિખ્યાત જાદુગર |
| ખંડુભાઇ દેસાઇ | શ્રમ અને સંગઠન | ગાંધીવાદી મજૂરનેતા |
| ખુશાલભાઇ શાહ | અર્થકારણ | સ્વતંત્ર ભારતના આર્થિક આયોજનના પ્રથમ ઘડવૈયા |
| ગણેશ વાસુદેવ માવળંકર | રાજકારણ | ભારતની લોકસભાના પ્રથમ અધ્યક્ષ |
| ગિજુભાઇ બધેકા | શિક્ષણ | નૂતન બાળશિક્ષણના આર્ષદ્રષ્ટા |
| ગોકુળદાસ તેજપાલ | વેપાર | દાનવીર વેપારી |
| ગોવર્ધન પંચાલ | કલા | ગુજરાતમાં સંસ્કૃત નાટયપ્રયોગના પ્રવર્તક |
| ગોવર્ધનરામ ત્રિપાઠી | સાહિત્ય | મનીષી સાહિત્યસર્જક |
| ગોવિંદપ્રસાદ વૈદ્ય | આયુર્વેદ | ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ |
| ગૌરીશંકર ઓઝા | શાસન | મુત્સદ્દી તત્વજ્ઞ |
| ‘ચકોર’ (બંસીલાલ વર્મા) | ચિત્રકલા | વિખ્યાત વ્યંગ્યચિત્રકાર |
| ચંદુલાલ શાહ | ચલચિત્ર | અગ્રણી ચલચિત્ર નિર્માતા |
| ચીનુભાઇ ચીમનભાઇ | ઉદ્યોગ | અમદાવાદના પ્રથમ મેયર |
| ચિન્મય ઘારેખાન | રાજકારણ | સંયુકત રાષ્ટ્ર સંઘમાં ભારતીય મુત્સદ્દી |
| ચીમનલાલ સેતલવાડ | કાયદો | અગ્રણી ધારાશાસ્ત્રી |
| ચીનુભાઇ માધવલાલ બૅરોનેટ | મિલઉદ્યોગ | અગ્રણી ઉદ્યોગપતિ |
| ચુનીલાલ મડિયા | સાહિત્ય | સાહિત્ય સર્જક |
| છગનભાઇ પીતાંબર પટેલ | શિક્ષણ | શિક્ષણના ભેખધારી |
| છગનલાલ જાદવ | ચિત્રકલા | વિખ્યાત ચિત્રકાર |
| છોટુભાઇ પુરાણી | વ્યાયામ | વ્યાયામ પ્રવૃતિના પ્રચારક |
| જગદીશ ભગવતી | અર્થકારણ | અર્થશાસ્ત્રના વિખ્યાત પ્રોફેસર |
| જગન મહેતા | છબીકલા | કુશળ છબીકાર |
| જમશેદજી જીજીભાઇ | વેપાર | દાનવીર વેપારી |
| જમશેદજી નસરવાનજી તાતા | ઉદ્યોગ | ઉદ્યોગપતિ |
| જયકૃષ્ણ ઇંદ્રજી | વિજ્ઞાન | વનસ્પતિશાસ્ત્રી |
| જયશંકર ‘સુંદરી’ | નાટયકલા | વિખ્યાત અભિનેતા |

| | | |
|---|---|---|
| જયંતિ દલાલ | સાહિત્ય | સામાજિક કાર્યકર અને સાહિત્યકાર |
| જશવંતરાય અંજારિયા | અર્થકારણ | રિઝર્વ બૅન્કના પૂર્વ ગવર્નર |
| જશવંત ઠાકર | નાટયકલા | વિખ્યાત અભિનેતા અને દિગ્દર્શક |
| જુગતરામ દવે | શિક્ષણ | આદિવાસી સમાજસેવા, આજીવન શિક્ષક |
| ડૉ. જેસિંગ પી. મોદી | તબીબી વિજ્ઞાન | સમાજસેવી ડૉક્ટર |
| જેહાન દારૂવાલા | પત્રકારત્વ | 'મુંબઇ સમાચાર' ના પૂર્વ તંત્રી |
| ઝવેરચંદ મેઘાણી | લોકસાહિત્ય | રાષ્ટ્રીય શાયર, લોકસાહિત્યના સંગ્રાહક |
| ઝંડુ ભટ્ટજી | આયુર્વેદ | આયુર્વેદના સમર્થ પ્રચારક |
| ઝુબીન મહેતા | સંગીત | પાશ્ચાત્ય સંગીતના વૃંદવાદન-નિષ્ણાત |
| ઠક્કરબાપા (અમૃતલાલ વિ. ઠાકર) | હરિજન સેવા | આદિવાસીઓના ઉદ્ધારક |
| ડી. ટિ. લાકડાવાલા | અર્થકારણ | અગ્રણી અર્થશાસ્ત્રી તથા આયોજન પંચના પૂર્વ ઉપાધ્યક્ષ |
| ડોંગરેજી મહારાજ | ધર્મ | સંત, કથાકાર |
| ત્રિભૂવનદાસ ગજ્જર | વિજ્ઞાન | અગ્રણી રસાયણશાસ્ત્રી |
| દમયંતિ બરડાઇ | સંગીત | લોકગીતોની ગાયિકા |
| દયાનંદ સરસ્વતી | ધર્મ અને સમાજ | આર્યસમાજના સ્થાપક, વેદના પ્રચારક |
| દયારામ | કાવ્ય | ભકતકવિ, ગરબીના ગાયક |
| દરબાર ગોપાળદાસ દેસાઇ | સમાજસેવા | વસોના ગાંધીભકત દરબાર |
| 'દર્શક' (મનુભાઇ પંચોળી) | સાહિત્ય અને શિક્ષણ | સરસ્વતી અવૉર્ડ વિજેતા |
| દર્શના ઝવેરી | નૃત્ય | મણિપુરી નૃત્ય નિષ્ણાત |
| દલપતરામ ડાહ્યાભાઇ ત્રવાડી | સાહિત્ય | ગુજરાતના લોકપ્રીય સમાજસુધારક,કવિ |
| દાદાભાઇ નવરોજી | દેશસેવા | બ્રિટિશ પાર્લમેન્ટના પ્રથમ હિંદી સભ્ય |
| દીના પાઠક | નાટયકલા અને ચલચિત્ર | અગ્રણી ચરિત્ર અભિનેત્રી |
| ધાર્મિકલાલ પંડયા | ધર્મ | આધુનિક માણભટ્ટ |
| ધીરુભાઇ અંબાણી | ઉદ્યોગ | ઉદ્યોગપતિ |
| 'ધૂમકેતુ'(ગૌરીશંકર જોષી) | સાહિત્ય | નવલિકા સર્જક |
| નયના ઝવેરી | નૃત્ય | મણિપુરી નૃત્ય નિષ્ણાત |
| નરસિંહ મહેતા | કાવ્ય | ગુજરાતી ભાષાના આદિકવિ |
| નરસિંહરાવ દિવેટિયા | સાહિત્ય | સાક્ષર,કવિ |
| નરહરિ દ્વારકાદાસ પરીખ | દેશસેવા | ગાંધીવાદી વિચારક અને લેખક |
| નર્મદ? | સાહિત્ય | અર્વાચીન સાહિત્યના આદ્યપ્રવર્તક |
| નંદકુવરબા | શાસન | સાહિત્યરસિક મહારાણી |
| નંદિની પંડયા | પર્વતારોહણ | કૈલાસ પર્વત અને માત્રી શિખરનાં આરોહક |

www.marugujarat.in

| | | |
|---|---|---|
| નાથુભાઇ પઢાડે | રમતગમત | કુશળ તરણવીર |
| નાનજી કાળીદાસ મહેતા | ઉદ્યોગ | સાહસિક ઉદ્યોગપતિ |
| નાનુભાઇ અમીન | ઉદ્યોગ | ઉદ્યોગપતિ |
| નારાયણ મોરેશ્ર્વર ખરે | સંગીત | ગાંધીવાદી સંગીતશાસ્ત્રી |
| નિરૂપા રોય | ચલચિત્ર | અગ્રણી ચરિત્ર અભિનેત્રી |
| ન્હાનાલાલ | સાહિત્ય | ગુજરાતના કવિવર |
| પન્નાલાલ પટેલ | સાહિત્ય | જ્ઞાનપીઠ અવોર્ડ વિજેતા |
| પાર્થિવ પટેલ | રમતગમત | ક્રિકેટર |
| પીરાજી સાગરા | ચિત્રકલા | વિખ્યાત ચિત્રકાર |
| પુષ્પાબહેન મહેતા | સમાજસેવા | આજીવન સમાજસેવિકા |
| પૂજય શ્રી મોટા | આધ્યાત્મ | આધ્યાત્મ પુરુષ |
| પ્રતીક પારેખ | રમતગમત | ચેસમાં ફિડેરેટિંગ મેળવનાર વિશ્ર્વનો સૌથી નાની વયનો (સાડા સાત વર્ષનો) ખેલાડી |
| પ્રબોધ પંડિત | ભાષાશાસ્ત્ર | અગ્રણી ભાષાશાસ્ત્રી |
| પ્રમુખસ્વામી મહારાજ | ધર્મ | બોચાસણવાસી અક્ષરપુરુષોતમ સંસ્થાના પ્રમુખ |
| પ્રવીણ જોષી | નાટયકલા | અભિનેતા અને દિગ્દર્શક |
| પ્રહલાદભાઇ વૈદ્ય | શિક્ષણ | ગણિતશાસ્ત્રી |
| પ્રીતી સેનગુપ્તા | પ્રવાસ | વિશ્ર્વપ્રવાસી |
| પ્રેમચંદ રાયચંદ | વેપાર | દાનવીર મહાજન |
| પ્રેમાનંદ | સાહિત્ય | ગુજરાતી ભાષાનો મહાકવિ |
| ફરદૂનજી મર્ઝબાન | પત્રકારત્વ | ‘મુંબઇ સમાચાર’ ના સ્થાપક |
| ફીરોઝ દાવર | શિક્ષણ | અંગ્રેજી સાહિત્યના સંનિષ્ઠ?અધ્યાપક |
| ફૈયાઝખાં (ઉસ્તાદ) | શાસ્ત્રીય સંગીત | વિખ્યાત ગાયક |
| બબલભાઇ મહેતા | સમાજસેવા | આજીવન ગ્રામસેવક |
| બળવંતરાય ઠાકોર | સાહિત્ય | વિદ્વાન કવિ અને ગદ્યકાર |
| બાપુલાલ નાયક | નાટયકલા | વિખ્યાત અભિનેતા |
| ભકિતબા દેસાઇ | સમાજસેવા | રાષ્ટ્રવાદી સમાજસેવિકા |
| ભગવાનલાલ ઇંદ્રજી | પુરાતત્વ અને સંશોધન | પુરાતત્વવિદ |
| ભાઇલાલભાઇ પટેલ | ઇજનેરી | વલ્લભવિદ્યાનગરના વિશ્ર્વકર્મા |
| ભિક્ષુ અખંડાનંદ | સાહિત્ય | ‘સસ્તું સાહિત્ય’ (અમદાવાદ)ના સ્થાપક |
| ભૂલાભાઇ દેસાઇ | કાયદો | દેશભકત ધારાશાસ્ત્રી |
| મગનભાઇ દેસાઇ | શિક્ષણ | અગ્રણી કેળવણીકાર અને ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ |
| મણિલાલ દેસાઇ | સમાજસેવા | મેગ્સેસ અવોર્ડ વિજેતા |

www.marugujarat.in

| | | |
|---|---|---|
| મણિલાલ નભુભાઇ દ્વિવેદી | સાહિત્ય | તત્વદર્શી નિબંધકાર |
| મધુસૂદન ઢાંકી | સ્થાપત્ય | મંદિર સ્થાપત્યના તજજ્ઞ |
| મહાત્મા ગાંધી | માનવજીવન | રાષ્ટ્રપિતા, ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના પ્રણેતા |
| મહાદેવભાઇ દેસાઇ | ત્યાગ અને સેવા | મહાત્મા ગાંધીના રહસ્યમંત્રી |
| મંગળદાસ ગિરધરદાસ | ઉદ્યોગ | ઉદ્યોગપતિ |
| માણેકલાલ સી. ઠાકર | વિજ્ઞાન | રામન ઇન્સ્ટિટયુટ, બેંગલોરના નિયામક |
| માણેકશા (જનરલ) | સંરક્ષણ | ભારતીય સેનાના પૂર્વ સરસેનાપતિ અને બાંગ્લાદેશના યુદ્ધના વિજેતા |
| મીરાં | કાવ્ય | સંત કવયિત્રી |
| મુનિ જિનવિજયજી | સંશોધન | સાહિત્ય અને પુરાતત્વના સંશોધક |
| મુનિ સંતબાલજી | સમાજ | ગાંધીવાદી જૈનમુનિ |
| મૃદુલા સારાભાઇ | સમાજસેવા | જયોતિસંઘનાં સ્થાપક, નીડર સમાજવાદી |
| મેઘજી પેથરાજ શાહ | ઉદ્યોગ | દાનવીર ઉદ્યોગપતિ |
| મેઘનાદ દેસાઇ | અર્થકારણ | ઇંગ્લેન્ડની ઉમરાવસભાના પૂર્વ સદસ્ય |
| મેડમ ભિખાઇજી કામા | દેશસેવા | ક્રાંતિકારી દેશસેવિકા |
| મોતીલાલ સેતલવાડ | કાયદો અને ન્યાય | સ્વતંત્ર ભારતના પ્રથમ એટર્ની–જનરલ |
| મોરારીબાપુ | ધર્મ | વિખ્યાત કથાકાર |
| મોહન લાલાજી | નાટયકલા | વિખ્યાત અભિનેતા |
| મૌલાબક્ષ | શાસ્ત્રીય સંગીત | વિખ્યાત સ્વરનિયોજક |
| યશોધર મહેતા | સાહિત્ય | સાહિત્યસર્જક |
| રજની કોઠારી | રાજયશાસ્ત્ર | ‘રાઇટ લાઇવહુડ’ અવોર્ડના વિજેતા |
| રણછોડલાલ ઉદયરામ | સાહિત્ય | નાટયકાર |
| રણછોડલાલ છોટાલાલ | ઉદ્યોગ | મિલ-ઉદ્યોગના સ્થાપક |
| રણજિતરામ વાવાભાઇ મહેતા | સાહિત્ય | ગુજરાતની અસ્મીતાના આદ્યપ્રર્વતક |
| રણજિતસિંહ જામ | રમતગમત | રાજવી ક્રિકેટર |
| રત્નમણિરાવ જોટ | ઇતિહાસ | ગુજરાતના ઇતિહાસકાર |
| રમણભાઇ નીલકંઠ | સાહિત્ય | સુધારાવાદી સાહિત્યકાર |
| રવિશંકર મહારાજ | સમાજસેવા | મૂક લોકસેવક |
| રસિકલાલ પરીખ | સાહિત્ય | બહુશ્રુત વિદ્વાન |
| રસિકલાલ પરીખ | ચિત્રકલા | વિખ્યાત ચિત્રકાર |
| રંગઅવધૂતજી | આધ્યાત્મ | દત્ત સંપ્રદાયના સંત |
| રાજેન્દ્રસિંહ (જનરલ) | સંરક્ષણ | ભારતીય સેનાના પૂર્વ સરસેનાપતિ |
| રામદાસ કિલાચંદ | ઉદ્યોગ | દાનવીર ઉદ્યોગપતિ |
| રામનારાયણ વિ. પાઠક | સાહિત્ય | કવિ,વિવેચક, વાર્તાકાર |

www.marugujarat.in

| | | |
|---|---|---|
| રિહેન મહેતા | રમતગમત | કિશોર તરણવીર |
| રેવાશંકર શાસ્ત્રી | સંસ્કૃત | વેદપાઠી વિદ્વાન |
| લાલચંદ હીરાચંદ | વહાણવટુ | જહાજવાડાના સ્થાપક |
| વસ્તુપાળ–તેજપાળ | શાસન | સમર્થ ગુર્જર મંત્રીઓ |
| વાસુદેવ મહેતા | પત્રકારત્વ | ચિંતક અને પત્રકાર |
| વિજય ભટ્ટ | ચલચિત્ર | ફિલ્મ નિર્માતા અને દિગ્દર્શક |
| વિઠ્ઠલભાઇ પટેલ | રાજકારણ | કેન્દ્રીય ધારાસભ્ય (CLA)ના પ્રથમ ભારતીય અધ્યક્ષ |
| વિઠ્ઠલદાસ ઠાકરસી | શિક્ષણ | પ્રથમ મહિલા યુનિવર્સિટીના સ્થાપક |
| વિદ્યાગૌરી નીલકંઠ | શિક્ષણ અને સમાજસેવા | ગુજરાતના પ્રથમ મહિલા ગ્રેજયુએટ |
| વૈકુંઠરાય મહેતા | સમાજસેવા | સહકારી આંદોલનના પ્રવર્તક |
| શામળ | સાહિત્ય | વિખ્યાત વાર્તાકાર |
| શામળદાસ ગાંધી | પત્રકારત્વ | રાષ્ટ્રવાદી પત્રકાર, જૂનાગઢની આરઝી હકૂમતના સરનશીન |
| શિવાનંદ અધ્વર્યુ | સમાજસેવા | નેત્રયજ્ઞના આયોજક |
| શ્યામજી કૃષ્ણવર્મા | દેશસેવા | ક્રાંતિકારી દેશસેવક |
| શ્યાવક્ષ ચાવડા | ચિત્રકલા | વિખ્યાત વાર્તાકાર |
| શ્રીમદ્ રાજચંદ્ર | આધ્યાત્મ | ચિંતક, યોગી |
| શ્રીમન્નથ્થુરામ શર્મા | ધર્મ | બિલખા આનંદ આશ્રમના સ્થાપક |
| શ્રીમન્નૃસિંહાચાર્ય | ધર્મ | શ્રેયસાધક અધિકારીવર્ગના સ્થાપક |
| સબળસિંહ વાળા | વિશ્ર્વદર્શન | વિશ્ર્વના પગપાળા યાત્રી |
| સરદાર વલ્લભભાઇ પટેલ | જાહેર જીવન | અખંડ ભારતના ઘડવૈયા |
| સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા) | શાસન | પ્રજાવત્સ રાજવી |
| સરિતા જોષી | નાટયકલા | વિખ્યાત અભિનેત્રી |
| સલીમ અલી | પ્રકૃતિવિજ્ઞાન | વિખ્યાત પક્ષીવિદ્ |
| સંજીવકુમાર | ચલચિત્ર | અભિનેતા |
| સામ પિત્રોડા | તંત્રવિદ્યા | દૂરસંચારના સેવાભાવી નિષ્ણાત |
| સિદ્ધરાજ જયસિંહ | શાસન | ગુજરાતના વિખ્યાત રાજવી |
| 'સુન્દરમ્' (ત્રિભુવનદાસ લુહાર) | સાહિત્ય | કવિ, સાધક |
| સુમતિ મોરારજી | ઉદ્યોગ | વહાણવટાના ઉદ્યોગપતિ |
| સુલેમાન પટેલ | છબીકલા | કુશળ છબીકાર અને પ્રાણીવિદ્ |
| સોમાલાલ શાહ | ચિત્રકલા | વિખ્યાત ચિત્રકાર |
| સ્વામી આનંદ | સાહિત્ય | ગાંધીવાદી સાહિત્યકાર |
| સ્વામી ગંગેશ્ર્વરાનંદજી | ધર્મ | વેદમંદિરોનાં સ્થાપક |

www.marugujarat.in

| | | |
|---|---|---|
| સ્વામી સહજાનંદ | ધર્મ અને સમાજ | સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક |
| હરકુંવર શેઠાણી | સમાજ | અમદાવાદનાં મોટી સખાવતો કરનાર શેઠાણી |
| હરિનારાયણ આચાર્ય | પ્રકૃતિવિજ્ઞાન | વિખ્યાત પ્રકૃતિવિદ્ |
| હરિલાલ કણિયા | કાયદો અને ન્યાય | સર્વોચ્ચ અદાલતના પ્રથમ મુખ્ય ન્યાયમૂર્તિ |
| હરીન્દ્ર દવે | સાહિત્ય | કવિ અને પત્રકાર |
| હસમુખ સાંકળિયા | પુરાતત્વ | જગપ્રસિદ્ધ પુરાતત્વવિદ્ |
| હાજી મહમ્મદ અલ્લારખિયા | પત્રકારત્વ | 'વીસમી સદી' માસીકના સ્થાપક |
| હીરાલાલ મૂ. પટેલ(એચ. એમ. પટેલ) | રાજયવહિવટ અને સાહિત્ય | ભારતના પૂર્વ નાણાપ્રધાન |
| હેમચંદ્રાચાર્ય | ધર્મ અને સાહિત્ય | ગુજરાતના પ્રકાંડ પંડિત અને સર્જક |
| હેમુ ગઢવી | લોકગીત | લોકગીતના વિખ્યાત ગાયક |
| હોમી ભાભા | વિજ્ઞાન | પરમાણુવિજ્ઞાનના પ્રથમ ભારતીય પ્રવર્તક |
| હોમી શેઠના | વિજ્ઞાન | પરમાણુવિજ્ઞાનના નિષ્ણાત |

## ગુજરાતી સાહિત્યના ગ્રંથભંડારો

*૧. લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ*
*૨. ભો. જે. વિદ્યાભવન (ગુજરાત વિદ્યાસભા), અમદાવાદ*
*૩. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ*
*૪. પંડિત રૂપવિજયગણિ જ્ઞાનભંડાર, દોશીવાડાની પોળ, અમદાવાદ*
*૫. શ્રી સંવેગી જૈન ઉપાશ્રય જ્ઞાનભંડાર, પગથિયાંની પોળ, અમદાવાદ*
*૬. શ્રી વિજયનેમિસૂરી જ્ઞાનભંડાર, પાંજરાપોળ ઉપાશ્રય, અમદાવાદ*
*૭. પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા*
*૮. શ્રી મુક્તિકમલ મોહન જ્ઞાનભંડાર, કોઠીની પોળ, વડોદરા*
*૯. શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા*
*૧૦. ગુજરાતી ભાષાભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ*
*૧૧. ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરત*
*૧૨. જૈન આનંદ પુસ્તકાલય ગ્રંથભંડાર, સુરત*
*૧૩. ઇન્ડોલોજિકલ રિસર્ચ ઇન્સ્ટિટયુટ,શારદાપીઠ (દ્વારકા)*
*૧૪. શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર ગ્રંથભંડાર, પંચાસરાની પાસે, પાટણ*
*૧૫. વિમલગચ્છ જૈન ગ્રંથભંડાર, ભાભાનો પાડો, પાટણ*
*૧૬. મુકતાબાઇ જૈન જ્ઞાનમંદિર, શ્રીમાળી વંડો, ડભોઇ*

www.marugujarat.in

# ગુજરાતી સર્જકોની અવિસ્મરણીય સર્જનની યાદી

હેમચંદ્રાચાર્ય : સિદ્ધહૈમ, કાવ્યાનુશાસન

નરસિંહ મહેતા : હારમાળા, રાસસહસ્ત્રપદી, ગોવિંદગમન, સુદામાચરિત

પદ્મનાભ : કાન્હડદે પ્રબંધ

શ્રીધર વ્યાસ : રણમલ્લ છંદ

ભાલણ : કાદંબરી, દશમસ્કંધ, નળાખ્યાન

અખો : અનુભવબિંદુ, અખેગીતા, છપ્પા

પ્રેમાનંદ : નળાખ્યાન, મામેરુ, સુદામાચરિત, ઓખાહરણ, દશમસ્કંધ

શામળ : સિંહાસનબત્રીસી, સૂડા બહોતરી, મદનમોહન, અંગદવિષ્ટિ

દયારામ : રસિક વલ્લભ, પ્રેમરસગીતા, અજામિલાખ્યાન, ગરબીઓ

દલપતરામ : દલપતકાવ્ય, ફાર્બસવિરહ, મિથ્યાભિમાન, લક્ષ્મીનાટક

નર્મદ : મારી હકીકત, નર્મદગદ્ય, નર્મકવિતા, નર્મકોશ

નવલરામ : ભટનું ભોપાળું, નવલગ્રંથાવલી

નંદશંકર : કરણઘેલો

મણિલાલ દ્વિવેદી : કાન્તા, ગુલાબસિંહ, આત્મનિમજ્જન

ગોવર્ધનરામ ત્રિપાઠી : સરસ્વતીચંદ્ર ભાગ 1 થી 4, સ્નેહમુદ્રા

નરસિંહરાવ દિવેટિયા : કુસુમમાળા, હ્રદયવીણા, નુપૂરઝંકાર, સ્મરણસંહિતા

રમણલાલ નીલકંઠ : ભદ્રંભદ્ર, રાઈનો પર્વત, કવિતા અને સાહિત્ય ભાગ 1 થી 4

આનંદશંકર ધ્રુવ : કાવ્યતત્વવિચાર, નીતિશિક્ષણ, આપણો ધર્મ

મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત) : પૂર્વાલાપ, ગુલાબસિંહ

કલાપી : કેકારવ, કાશ્મીરનો પ્રવાસ, નારી હ્રદય, કલાપીની પત્રધારા

નાનાલાલ : જયાજ્યંત, ઇન્દુકુમાર, વિશ્વગીતા, હરિસંહિતા, નાના નાના રાસ

ખબરદાર : દર્શનિકા, કલિકા, રાષ્ટ્રિકા, કલ્યાણિકા, રાસચંદ્રિકા

બોટાદકર : કિલ્લોલિની, સ્ત્રોતસ્વિની, રાસતરંગિણી, શૈવલિની

બ. ક. ઠાકોર : મારાં સોનેટ, ભણકાર, નવીન કવિતા વિષે વ્યાખ્યાનો

કનૈયાલાલ મુનશી : પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ, રાજાધિરાજ, કૃષ્ણાવતાર 1 થી 8, પૃથ્વીવલ્લભ, વેરની વસુલાત,તપસ્વિની ભાગ 1 થી 3, ભગવાન પરશુરામ વગેરે.

ધૂમકેતુ : તણખામંડળ ભાગ 1 થી 4, ચૌલાદેવી, વાચિનીદેવી, કર્ણાવતી

ઝવેરચંદ મેઘાણી : સોરઠી બહારવટિયા, સૌરાષ્ટ્રની રસધાર, યુગવંદના, વેવિશાળ, સમરાંગણ, માણસાઈના દીવા, સોરઠ તારાં વહેતાં પાણી

ગાંધીજી : સત્યના પ્રયોગો, વ્યાપક ધર્મભાવના, નીતિનાશને માર્ગે, હિંદ સ્વરાજ

કિશોરલાલ મશરૂવાળા : સમૂળી ક્રાન્તિ, ગીતામંથન, કેળવણીના પાયા

કાકાસાહેબ કાલેલકર : સ્મરણયાત્રા, હિમાલયનો પ્રવાસ, જીવનનો આનંદ, જીવન સંસ્કૃતિ, જીવનલીલા, ઓતરાતી દીવાલો, બ્રહ્મદેશનો પ્રવાસ, લોકમાતા

રમણલાલ વી. દેસાઈ : કોકિલા, ગ્રામ્યલક્ષ્મી ભાગ 1 થી 4, ભારેલો અગ્નિ, પહાડનાં પુષ્પો

ચુનીલાલ વ. શાહ : વિષચક્ર, રૂપમતી, જિગર અને અમી, કર્મયોગી રાજેશ્વર

www.marugujarat.in

જ્યોતીન્દ્ર દવે : રંગતરંગ ભાગ 1 થી 6, હાસ્યતરંગ, પાનનાં બીડાં, રેતીની રોટલી
ચંદ્રવદન મહેતા : આગગાડી, નાગાબાવા, બાંધગઠરિયાં, ઇલાકાવ્યો, છોઠગઠરિયાં, નાટ્યગઠરિયાં, સફરગઠરિયાં
રામનારાયણ પઠક : બૃહદ્દપિંગળ, દ્વિરેફની વાતો ભાગ 1 થી 3, શેષનાં કાવ્યો
ઝીણાભાઈ દેસાઈ (સ્નેહરશ્મિ) : અર્ધ્ય, પનઘટ, ગાતા આસોપાલવ, અંતરપટ
વિષ્ણુપ્રસાદ ત્રિવેદી : વિવેચના, પરિશીલન, અર્વાચીન-ચિંતનાત્મક ગદ્ય
વિશ્વનાથ મ. ભટ્ટ : વીર નર્મદ, સાહિત્યસમીક્ષા, નિકષરેખા
અનંતરાય રાવળ : સાહિત્યવિહાર, ગંધાક્ષત, સમાલોચના, અવલોકના
સુન્દરમ્ : કાવ્યમંગલા, વસુધા, યાત્રા, અર્વાચીન કવિતા, દક્ષિણાયન
ઉમાશંકર જોશી : નિશીથ, ગંગોત્રી, વસંતવર્ષા, પ્રાચીના, સાપના ભારા
ઇન્દુલાલ ગાંધી : ગોરસી, શતદલ, પલ્લવી, ખંડિત મૂર્તિઓ, ઉન્મેષ
મનસુખલાલ ઝવેરી : આરાધના, અભિસાર, ફૂલદોષ, પર્યેષણા
સુંદરજી બેટાઈ : જ્યોતિરેખા, ઇન્દ્રધનુષ, વિશેષાંજલિ
કૃષ્ણલાલ શ્રીધરાણી : કોડિયાં, પુનરપિ, મોરનાં ઈંડાં, પિયાગોરી, વડલો
કરશનદાસ માણેક : આલબેલ, મધ્યાહ્ન, વૈશંપાયનની વાણી, અહો રાયજી સુણીએ
પન્નાલાલ પટેલ : મળેલા જીવ, માનવીની ભવાઈ, સુખદુ:ખનાં સાથી, પાર્થને કહો ચઢાવે બાણ
ગુણવંતરાય આચાર્ય : દરિયાલાલ, રાયહરિહર
ઈશ્વર પેટલીકર : જનમટીપ, મારી હૈયાસગડી, ધરતીનાં અમી, શ્રદ્ધાદીપ
ચંદ્રકાન્ત બક્ષી : આકાર, પેરાલિસીસ, હનીમુન, પડઘા ડૂબી ગયા
શિવકુમાર જોશી : કંચૂકીબંધ, અનંગરાગ, અંગારભસ્મ, રજનીગંધા, ત્રિશૂળ
ચુનીલા મડિયા : તેજ અને તિમિર, શરણાઈના સૂર, લીલુડી ધરતી
ગુલાબદાસ બ્રોકર : પુણ્ય પરવાર્યું નથી, લતા અને બીજી વાતો, ધૂમ્રસેર
જ્યંતિ દલાલ : જવનિકા, ત્રીજો પ્રવેશ, બીજો પ્રવેશ, આ ઘેર પેલે ઘેરે
મનુભાઈ પંચોળી(દર્શક) : ઝેર તો પીધાં જાણી જાણી, ભાગ 1 થી 2, બંધન અને મુક્તિ, સોક્રેટિસ
રાજેન્દ્ર શાહ : ધ્વનિ, આંદોલન, શ્રુતિ, શાંત કોલાહલ
સુરેશ જોશી : પ્રત્યંચા, છિન્નપત્ર, કિંચિત, ગૃહપ્રવેશ, અપિચ
લાભશંકર ઠાકર : માણસની વાત, એક ઉંદર અને જદુનાથ, અકસ્માત, તડકો
શંકરલાલ વ્યાસ : સ્નેહસાધના, અભિનેત્રી, જિંદગીનું ભાથું, ખંડિત સ્વપ્ન
નિરંજન ભગત : છંદોલય, કિન્નરી
રઘુવીર ચૌધરી : અમૃતા, ઉપરવાસ, આકસ્મિક, સ્પર્શ, સહરાની ભવ્યતા એકલવ્ય, કથાત્રયી, તમસા
બકુલ ત્રિપાઠી : સચરાચરમાં, લીલા, સોમવારની સવારે
જયન્ત પાઠક : અનુનય, વનાંચલ
બાલાભાઈ દેસાઈ (જયભિખ્ખુ) : સિદ્ધરાજ જયસિંહ, દિલ્લીશ્વર, ગઈગુજરી, વિક્રમાદિત્ય હેમુ, ભાગ્યનિર્માણ, ગુલાબ અને કંટક, દાસી જનમ જનમની
પ્રિયકાન્ત પરીખ : સ્વપ્નપ્રયાણ, કર્મ, ખોજ, શોધપ્રતિશોધ, મોસમ, અર્થ દ્વિધા
સચ્ચિદાનંદ સ્વામી : મારા અનુભવો, સંસાર રામાયણ, અભિગમ બદલો
નટવરલાલ પંડ્યા (ઉશનસ) : શિશુલોક, પૃથ્વીને પશ્ચિમ ચહેરે
ચીનુભાઈ પટવા : ફિલસૂફિયાણી, ચાલો સજોડે સુખી થઈએ, અમે અને તમે

કુન્દનિકા કાપડિયા : સાત પગલાં આકાશમાં
વર્ષા અડાલજા : ખરી પડેલો ટહૂકો, પગલાં, ગાંઠ છૂટ્યાની વેળા, મારે પણ એક ઘર હોય
ધીરુબહેન પટેલ : વિશ્રંભકથા, વડવાનલ, વાંસનો અંકુર, વમળ, પંખીનો માળો
રંભાબહેન ગાંધી : જયરાજ્ય, દીપાલી, રોંગ નંબર
ફાધર વાલેસ : સદાચાર, લગ્નસંસાર, ચારિત્ર્ય યજ્ઞ, પ્રેરણા પરખ, કુટુમ્બ ધર્મ
અશ્વિન ભટ્ટ : આશકામંડલ, લજ્જાસન્યાલ, ઓથાર, ફાંસલો, આખેટ
વિઠ્ઠલ પંડ્યા : ચક્રવ્યૂહ, સુખની સરહદ, એક ચહેરો, લોહીનો બદલો રંગ
રાજીવ પટેલ : અંગત (કાવ્યસંગ્રહ), અશ્રુધારા, ઝંઝા
વિનોદભટ્ટ : ઇદમ્ તૃતીયમ્, પહેલું સુખ તે મૂંગી નાર, સુનો ભાઈ સાધો, વિનોદની નજરે
મધુસૂદન પારેખ : સૂડી અને સોપારી, રવિવારની સવારે, હું શાણી અને શકરાભાઈ
રતિલાલ સાં. નાયક : જોડણી પ્રવેશ, હૈયાનાં દાન, અલકમલકની વાતો, બાળ રામાયણ
સારંગ બારોટ : કોઈ ગોરી કોઈ સાંવરી, મીનમેખ, છૂતઅછૂત, જિંદગીના ફેરા
વજુ કોટક : પ્રભાતનાં પુષ્પો, શહેરમાં ફરતાં ફરતાં, ઘરની શોભા, ચંદરવો
હરિકિશન મહેતા : જડચેતન, શેષ-અશેષ, તરસ્યો સંગમ ભાગ 1 – 2
જશવંત ઠાકર : જીવનનો જય, અંતરપટ, માયા
સ્વામી આનંદ : ધરતીની આરતી, હિમાલયનાં તીર્થસ્થાનો, નઘરોળ, જૂની મૂડી
રાધેશ્યામ શર્મા : ફેરો, સ્વપ્નતીર્થ, પવનપાવડી
રમણલાલ સોની : ભાગવત કથામંગલ, પ્રબોધ કથાઓ, ગલબા શિયાળનાં પરાક્રમો
પ્રાગજી ડોસા : તખતો બોલે છે ભાગ 1 – 2, પુષ્પકુંજ, છોરું-કછોરું, ઘરનો દીવો
ગુણવંત શાહ : કાર્ડિયોગ્રામ, વગડાને તરસ ટહુકાની, રણ તો લીલાંછમ, પવનનું ઘર, સંભવામિ ક્ષણે ક્ષણે, કૃષ્ણનું જીવનસંગીત
હરિન્દ્ર દવે : પળનાં પ્રતિબિંબ, અનાગત, માધવ ક્યાંય નથી, કૃષ્ણ અને માનવસંબંધો
ચંદ્રકાન્ત શેઠ : નંદ સામવેદી, સંખ્યાનિર્દેશક, શબ્દસંખ્યાઓ
મોહનલાલ પટેલ : હવા તુમ ધીરે બહો, પ્રત્યાવલંબન
ભગવતીકુમાર શર્મા : શબ્દાતીત, અસૂર્યાલોક, તુલસીની મંજરીઓ, ઊર્ધ્વમૂળ
સુરેશ દલાલ : મારી બારીએથી ભાગ 1 – 2, સાવ એકલો દરિયો, સ્કાયસ્ક્રેપર
ભોળાભાઈ પટેલ : અધુના, પૂર્વાપર, કાલપુરુષ, વિદિશા, દેવોની ઘાટી
મધુ રાય : ચહેરા, કોઈ એક ફૂલનું નામ બોલો તો, કાલસર્પ, કુમારની અગાસી
મોહમ્મદ માંકડ : ધુમ્મસ, હવામાં કોની સુગંધ, વૃક્ષ નીચે, તમે કેમ રહ્યા અબોલ
પિનાકિન દવે : કામવન, આધાર, વિવર્ત, મોહનિશા, વિશ્વજીત, ડૂબતા અવાજો
ઈલા આરબ મહેતા : એક હતા દિવાન બહાદુર, બત્રીસલક્ષણો, રાધા, બત્રીસ પૂતળીની વાત
દિલીપ રાણપુરા : મીરાંની રહી મહેંક, આંસુભીનો ઉજાસ, કૂંપળ ફૂટયાની વેળા
મફતભાઈ ઓઝા : ઘૂઘવતા સાગરનાં મૌન, પળપળનાં પ્રતિબિંબ, અપ-ડાઉન
યશોધર મહેતા : સરી જતી રેતી, કીમિયાગર
કિસનસિંહ ચાવડા : અમાસના તારા, ધરતીની પુત્રી, અમાસથી પૂનમ ભણી
નવનીત સેવક : સૂસવાટા, પ્રતિશોધ, અગ્નિશિખા, પ્રત્યાઘાત, દરિયાદિલ

www.marugujarat.in

# ગુજરાતનાં કલાસાહિત્યકારો

ગુજરાતનો પહેલો સંગીતકાર – **આદિત્યરામ વ્યાસ**

જન્મ : 1819

મૃત્યુ : 1880

જન્મસ્થળ : જૂનાગઢ

જીવનકાર્ય : સંગીતને સન્માનનીય સ્થિતિમાં લાવ્યા, 'સંગીતાદિત્ય' નામનું સંગીત પરનું બહુમૂલ્ય પુસ્તક લખ્યું.

નોટેશન પદ્ધતિ યોજનાર,વડોદરાના રાજગાયક – **મૌલાબક્ષ**

જન્મ : 1833

મૃત્યુ : 1896

જન્મસ્થળ : ચિંહડ (દિલ્લી નજીક)

જીવનકાર્ય : નવી સંગીતલિપી બનાવી, સંગીત શિક્ષણ માટે અભ્યાસક્રમ અને ક્રમિક પુસ્તકો તૈયાર કર્યાં, સંગીત પર પુસ્તકો લખ્યાં, વડોદરાના રાજગાયક.

સંગીત ના સાધક – **ઉસ્તાદ ફૈયાઝખાં**

જન્મ : 1880

મૃત્યુ : 5 – 11 – 1950

જન્મસ્થળ : આગરા

જીવનકાર્ય : વડોદરા રાજ્ય સંગીત વિદ્યાપીઠના પ્રાધ્યાપક, 'પ્રેમપિયા'ના તખલ્લુસથી પચાસેક સંગ્રહ લખ્યા.

ગુજરાતમાં સંગીતનો પર્યાય – **ઓમકારનાથ ઠાકુર**

જન્મ : 24 – 6 – 1897

મૃત્યુ : 29 – 12 – 1967

જન્મસ્થળ : જહાજ (ખેડા)

જીવનકાર્ય : દેશવિદેશમાં સંગીતના કાર્યક્રમો આપ્યા, ભારતીય સંસ્કૃતિ વિષયક પ્રવચનો કર્યાં, 'સંગીતાંજલી' નામનું પુસ્તક લખ્યું, પદ્મશ્રી, રણજીતરામ ચંદ્રક, હિંદુ વિશ્વવિદ્યાલય, વારાણસી તરફથી 'ડોકટર ઓફ લેટર્સ' ની પદવીઓથી નવાજવામાં આવ્યા.

કલાના ઉપાસક – **કંચનલાલ મામાવાળા**

જન્મ : 23 – 1 – 1902

મૃત્યુ : 23 – 4 - 1970

જન્મસ્થળ : સુરત

જીવનકાર્ય : સંગીતકલા ઉપરાંત અન્ય સર્વ લલિત કળાઓના પરખંદા, હજારેક જેટલાં ગીતો સ્વરબદ્ધ કર્યાં.

ભવાઈ કલાના આદિ પુરૂષ – **અસાઇત**

જન્મ : આશરે 14 મી સદીના ઉતરાર્ધે

મૃત્યુ : અનિશ્ચિત

www.marugujarat.in

જન્મસ્થળ : ઊંઝા
જીવનકાર્ય : હંસાઉલી પદ્ય રચના, ઐતિહાસિક અને સામાજિક સ્વરૂપના 360 વેશો લખ્યા, ભવાઈ દ્વારા જ્ઞાન, બોધ અને આનંદ પીરસ્યાં.

ગૂર્જર રંગભૂમિના પિતા - **રણછોડભાઈ ઉદયરામ**
જન્મ : 9 – 8 – 1837
મૃત્યુ : 23 – 4 – 1923
જન્મસ્થળ : મહુધા
જીવનકાર્ય : રત્નાવલી નાટિકા, રાસમાળા ભાગ – 2, નાટ્યશાસ્ત્ર, રણપિંગળ ગ્રંથો બહાર પાડયા, એમનું હરિશ્ચંદ્ર નાટક 1100 વખત ભજવાયેલું.

પારસી રંગભૂમિના પથદર્શક – **કેખુસરો કાબરાજી**
જન્મ : 1842
મૃત્યુ : 1904
જન્મસ્થળ : મુંબઈ
જીવનકાર્ય : નાટકોમાં શિષ્ટતા લાવ્યા, નાટકમાં સંગીતનું મહત્વ વધાર્યું, નાટક પહેલાં ગ્રાન્ડ રિહર્સલ કરવાની પ્રથા શરૂ કરી.

દિગ્દર્શક, કાવ્ય, સંગીત, નર્તનના જ્ઞાતા – **અમૃત કેશવ નાયક**
જન્મ : 1877
મૃત્યુ : 18 – 7 – 1907
જન્મસ્થળ : અમદાવાદ
જીવનકાર્ય : 'ખૂને નાહક', 'અસીરે હર્સ', 'મીઠા ઝહર', 'ઝહરી સાપ'માં એમણે નિરાળાં પાત્રો ભજવ્યાં, એમની નાટક નિર્માણની કલા મૌલિક હતી.

નાટ્યકલાના આજીવન સાધક – **જયશંકર ભોજક 'સુંદરી'**
જન્મ : 30- 1- 1889
મૃત્યુ : 22- 1- 1975
જન્મસ્થળ : ઉંઢાઈ (વડનગર પાસે)
જીવનકાર્ય : સ્ત્રીપાત્રોની ભજવણીમાં કીર્તિ મેળવી, 'નટમંડળ'ના નિયામક પદ નીચે સુંદર નાટકો તૈયાર કર્યાં, 'પદ્મવિભૂષણ', રણજિતરામ સુવર્ણચંદ્રકથી સન્માનિત થયા.

કલા- શિલ્પી – **પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા**
જન્મ : 13-5-1896
મૃત્યુ : 28-5-1978
જન્મસ્થળ : પાલિતાણા
જીવનકાર્ય : પ્રભાશંકરભાઈ નિર્મિત કેટલાક સ્થાપત્યો : સોમનાથ મંદિર (પુનરોદ્ધાર), શામળાજી મંદિર (પુનરોદ્ધાર), કૃષ્ણ જન્મસ્થાન (મથુરા), રામ મંદિર (દિલ્લી), લક્ષ્મીનારાયણ મંદિર (ઉધના), અંબાજી માતા મંદિર (અંબાજી), શિલ્પશાસ્ત્રના લગભગ 14 ગ્રંથોનું સંપાદન કર્યું.

www.marugujarat.in

ગુજરાતમાં કલા યુગના પ્રવર્તક – **રવિશંકર રાવળ**

જન્મ : 1 - 8 – 1892

મૃત્યુ : 9 – 12 – 1977

જન્મસ્થળ : ભાવનગર

જીવનકાર્ય : ગુજરાતમાં કલા સંસ્કારનું બીજારોપણ કર્યું, ચિત્રકારને આદરણીય સ્થાન અપાવ્યું, 'કુમાર' માસિકનું 18 વર્ષ પ્રકાશન સંભાળ્યું, 'ગુજરાત કલાસંઘ' ની સ્થાપના કરી.

ગુજરાતને કલાભિમુખ કરનાર – **કનુ દેસાઈ**

જન્મ : 12 – 3 – 1907

મૃત્યુ : 8 – 12 – 1980

જન્મસ્થળ : અમદાવાદ

જીવનકાર્ય : કલાને સામાન્ય જન સુધી પહોંચાડી, ફિલ્મોમાં કલા નિર્દેશન કર્યું. 'ઝનક ઝનક પાયલ બાજે'નું કલાનિર્દેશન કનુભાઈએ કરેલું.

લોકસાહિત્યની પૂંજી – **કવિ દુલા ભાયા 'કાગ'**

જન્મ : 25-12-1902

મૃત્યુ : 22-2-1977

જન્મસ્થળ : મજાદર (ભાવનગર)

જીવનકાર્ય : છંદ, ભજન અને દુહા દ્વારા જ્ઞાન, ભક્તિ અને આચરણનો રસ પીરસતાં આ કવિની 'કાગવાણી'ના 8 ભાગોની અનેક આવૃત્તિઓ પ્રગટ થઈ છે.

ગુજરાતી સુગમ સંગીતના પ્રણેતા – **અવિનાશ વ્યાસ**

જન્મ : 21 – 7 – 1911

મૃત્યુ : 20 – 8 – 1984

જન્મસ્થળ : અમદાવાદ

જીવનકાર્ય : 175 ગુજરાતી સહિત 250 ઉપરાંત ફિલ્મોમાં સંગીત દિગ્દર્શન આપ્યું, દસેક જેટલા ગીત- ગરબા- કાવ્યસંગ્રહો આપ્યાં છે.

www.marugujarat.in

# ગૌરવશાળી ગુજરાતીઓ

***દુર્ગારામ મહેતાજી :*** ગુજરાતમાં સુધારાની પ્રવૃત્તિ કરનાર નીડર અગ્રણી વ્યક્તિ.

***વાલચંદ હીરાચંદ :*** ભારતના વહાણવટાના સર્જક 'સિંધિયા સ્ટીમ નેવિગેશ'ના સ્થાપક.

***ત્રિભુવનદાસ ગજ્જર :*** જાણીતા વૈજ્ઞાનિક, વડોદરામાં 'એલિમ્બિક' અને 'કલાભવન' આપનાર.

***હરભાઈ ત્રિવેદી :*** ભાવનગરમાં 'ઘરશાળા' શરૂ કરી શિક્ષણને દિશા ચિંધનાર.

***બળવંતરાય મહેતા :*** પંચાયતી રાજ્યના પ્રણેતા, ગુજરાતના માજી મુખ્યમંત્રી.

***મગનભાઈ દેશાઈ :*** પ્રખર ગાંધીવાદી, શિક્ષણવિદ્ અને વિચારક.

***ચંદુલાલ ત્રિવેદી :*** કપડવંજના વિદ્વાન, આઈ. સી. એસ. પાસ કરી વહીવટી કુશળતા સિદ્ધ કરનાર, આઝાદ ભારતમાં આન્ધ્રના રાજ્યપાલ બનનાર.

***હરસિદ્ધભાઈ દિવેટિયા :*** વહીવટકુશળ રાજનીતિજ્ઞ અને કેળવણીકાર, ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ વાઈસ ચાન્સેલર બનનાર.

***યશવંત શુકલ :*** ગુજરાતનું સાંકૃતિક અને સાહિત્યિક જીવન ઘડનાર અગ્રણી સમાજશાસ્ત્રી અને સાહિત્યસેવક, રાષ્ટ્રહિત ચિંતક.

***ડો. રવીન્દ્રભાઈ એચ. દવે :*** વિશ્વમાન્ય શિક્ષણવિદ્, આર્ષદ્રષ્ટા કેળવણીકાર, બહુશ્રુત પ્રતિભાસંપન્ન વિચારક.

***ચીમનભાઈ જે. પટેલ :*** ગુજરાતના રાજકારણમાં નવું બળ અને જોમ આપનાર, નર્મદા યોજનાના પુરસ્કર્તા, માજી મુખ્યમંત્રી.

***ઉપેન્દ્ર ત્રિવેદી :*** ફિલ્મ જગતના કલાકાર, નટસમ્રાટનું બિરુદ પામનાર, ગુજરાતની સાંકૃતિક પ્રવૃતિઓના પુરસ્કર્તા.

***મોરારી બાપુ :*** તલગાજરડાના પ્રાથમિક શિક્ષકમાંથી રામકથાના પ્રસિદ્ધ ગાયક બની દુનિયાભરના લોકોને કથારસપાન કરાવનાર.

***ગુલઝારીલાલ નંદા :*** ચુસ્ત ગાંધીવાદી મજૂર નેતા, ભારતના બે વખત કાર્યકારી વડા પ્રધાન બન્યા, 'ભારત રત્ન'થી સન્માનિત.

***ધીરુભાઈ અંબાણી :*** રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા ગુજરાતના ઔદ્યોગિક જીવનમાં ક્રાન્તિ આણનાર સાહસિક ઉદ્યોગપતિ.

***અરવિંદ એન. મફતલાલ :*** મફતલાલ ઇન્ડસ્ટ્રીઝના નેજા નીચે ન્યુ શોરોક મિલના ઉત્તમ કાપડ દ્વારા ઔદ્યોગિક દુનિયામાં જેમનું નામ છે તેવા અરવિંદભાઈ શેઠ, ગુજરાતની આપત્તિઓમાં ખડે પગે રહેનાર.

***નાનુભાઈ અમીન :*** વડોદરાના પ્રગતિશીલ રાજ્યમાં 'એલેમ્બિક' દ્વારા વૈદ્યકીય ક્ષેત્રે દવાઓનું ઉત્પાદન કરી ગુજરાતની સેવા કરનાર.

***ત્રિભુવનદાસ કે. પટેલ :*** અમૂલ ડેરીની સ્થાપના કરી શ્વેતક્રાન્તિનો પાયો નાખનાર.

***ડો. આઈ. જી. પટેલ :*** અર્થશાસ્ત્ર નિષ્ણાત ડો. પટેલ ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નર સુધીના ઉચ્ચ હોદ્દા ભારતમાં અને વિશ્વમાં ભોગવનાર.

***સામ પિત્રોડા :*** ટેલિકોમ્યુનિકેશન (સંદેશાવ્યવહાર)ની દુનિયામાં ક્રાન્તિ લાવનાર.

***કે. લાલ (કાન્તિલાલ) :*** વર્તમાન વિશ્વનો વિખ્યાત જાદુગર, પોતે ગુજરાતી છે તેનું ગુજરાતને ગૌરવ આપનાર.

***ડો. પી. સી. વૈદ્ય :*** ગણિતશાસ્ત્રના નિષ્ણાત ગાંધીવાદી કેળવણીકાર.

***ગીત શેઠી :*** બિલિયર્ડ તથા સ્નૂકરના આંતરરાષ્ટ્રીય વિજેતા.

***મોતીલાલ સેતલવડ :*** કાયદો અને ન્યાયવિદ્, સ્વતંત્ર ભારતના પ્રથમ એટર્ની જનરલ.

***પરેશ રાવલ :*** હિન્દી ફિલ્મોના પ્રખ્યાત વિલન, સરદાર પટેલની સુંદર ભૂમિકા ભજવનાર.

***અરુણા ઈરાની :*** ગુજરાતી ફિલ્મોની અભિનેત્રી, હિન્દી ફિલ્મોમાં સહાયક અભિનેત્રી.

***અસરાની :*** ગુજરાતી ફિલ્મોના અભિનેતા, હિન્દી ફિલ્મોના સહાયક અભિનેતા.

***અરવિંદ ત્રિવેદી :*** 'રામયણ' સિરિયલમાં રાવણના પાત્રમાં નોંધપાત્ર અભિનય આપનાર.

***નયન મોંગિયા :*** વડોદરાનો ક્રિકેટ ખેલાડી, ભારતનો ભૂતપૂર્વ વિકેટકીપર.

***પાંડુરંગ શાસ્ત્રિજી આથવલે :*** ભારતની વૈચારિક ક્રાંતિના પ્રણેતા, સ્વાધ્યાયપ્રવૃત્તિના પુરસ્કર્તા, એગ્સેસે એવોર્ડ વિજેતા.

***પૂ. સ્વામી સચ્ચિદાનંદ મહારાજ (દંતાલી) :*** ગુજરાતમાં વૈચારિક ક્રાન્તિના પુરસ્કર્તા, પ્રખર વિચારક અને આદર્શ સાધુપુરુષ.

www.marugujarat.in

# લોકસાહિત્યનું મોતી "દુલા ભાયા કાગ"

ગુજરાત-સૌરાષ્ટ્રના લોકસાહિત્યની એક આગવી પ્રતિભા પદ્મશ્રી દુલાકાગનો જન્મ ભાવનગર પાસેના એક ગામમાં થયો હતો. બાળપણથી જ ભક્તિના સંસ્કાર રોપાયા. દશ વર્ષની વયે ગૌસેવાનું વ્રત લીધું. મુક્તાનંદ સ્વામીના આશીર્વાદથી દુલાના હૈયાનાં દ્વાર ખુલી ગયા અને લોકજીવનના વાલ્મીકિ બન્યા. **'વિચારસાગર', 'પંચદર્શી'**અને **વાણી** સાથે વહેતી થયેલી દુલા કાગની કાવ્ય સરવાણી આગળ જતાં અસ્ખલિ ધોધ બની રહી. પરંપરાગત ચારણી ઘાટીના એમના કાવ્યગાને હજરોની સભાઓ ડોલાવવા માંડી. એમણી રચેલી **'કાગવાણી'**નું ગુંજન લોકોનું સંસ્કારધન બની ગયું છે. વિનોબાજીના ભૂદાનના ખ્યાલને એમણે આત્મસાત કર્યો. પોતાની કોમની સંકુચિતતાના અનેક ઘા ખમીને એમણે ચારણોની ઉન્નતિમાં હંમેશા રસ લીધો હતો. ગુજરાતની લોકસંસ્કૃતિ અને લોકસાહિત્યને અખંડ વહેતા રાખનાર કવિ કાગને ભારત સરકારે પદ્મશ્રીનો ઈલકાબ એનાયત કરી બહુમાન કર્યું હતું. તા. ૧૨-૨-૧૯૭૭ના રોજ એમણે સદાયને માટે આંખો મીચી દીધી કોઈ કવિએ કહ્યું છે :

**'પર ધન પર ધરા મહીં, ભાયલ લેતો ભાગ**
**પણ ભાયા તારાં ભાગ્ય, દુલા જેવા દીકરા.'**

www.marugujarat.in